ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

P G V C L

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૧૨૭/૧૮-૧૯/ 5348 તારીખ: 27 NOV 2018

કેસ નં.: ૧૨૭/૧૮-૧૯

પ્રતિ,

શ્રી લાડોલીયા લાલજીભાઈ લખમણભાઈ,

મુ., ઢાંકણીયા, તા. બોટાદ,

જી. બોટાદ.

મો.: ૯૮૨૪૮ ૮૫૮૩૯.

**<u>વિષય</u> : નવા ખેતીવાડી વીજ કનેક્શનના બાબત.**

<u>સંદર્ભ</u> : આપનો પત્ર તા. ૧૧.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા. ૨૦.૧૧.૧૮</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.
O/C

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

<u>નકલ રવાના:</u>–

૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**

૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ટાઉન બોટાદ.**

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૨૭/૧૮-૧૯ ☜

વાદી :– શ્રી લાડોલીયા લાલજીભાઈ લખમણભાઈ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૨૦.૧૧.૧૮ ◈

હાજર રહયા :– પોતે.

પ્રતિવાદી :– શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી લાડોલીયા લાલજીભાઈ લખમણભાઈ, મુ., મુ., ઢાંકણીયા, તા. બોટાદ, જી. બોટાદ ની નવા ખેતીવાડી વીજ જોડાણ લેવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૭ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૨૭/૧૮–૧૯/ ૪૭૭૮ તા. ૧૭.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૦.૧૧.૧૮, નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ, તથા પ્રતિવાદી શ્રી ડી.કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ઢાંકણીયા ગામના સર્વે નં. મા ૧૧૨/૬ મા અને સર્વે નં. ૧૨૨/૮ પૈકી ૨ મા નવા ખેતીવાડી કનેક્શન મેળવવા માટેની અરજી તારીખ ૫.૮.૨૦૧૬ ના રોજ કરેલ છે.

૧.૨ આ અંગે રૂબરૂ તપાસ કરતા જાણવા મળેલ કે કચેરી તરફ થી અંદાજપત્ર મોકલી દેવામાં આવેલ છે પરંતુ ટપાલ થી એસ્ટીમેટ અમોને મળેલ નથી. ત્યારે ટપાલ કર્મચારી હડતાલ ઉપર હોવાથી કદાચ મળેલ નહિ હોય તેવું મારું માનવું છે.

-૨-

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.3 મારી આ રજૂઆત દયાને લઇ આ અંદાજપત્ર ની ટાઈમ લીમીટ વધારી વીજ જોડાણ આપવા આપ સાહેબ ને નમ્ર વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી લાલજીભાઈ લખમણભાઈ લોડાલીયા દ્વારા તેમના હળદડ ગામના ખેતીવાડી સર્વે નં ૧૨૨/૮ પૈકીર માં નવું ખેતીવાડી વીજ જોડાણ લેવા બોટાદ શહેર-૨ પે.વી.કચેરી ખાતે રજીસ્ટ્રેશન ચાર્જ રૂ ૨૦૦ પહોંચ નં. ૭૧૦૭૯ થી તારીખ ૦૫/૦૮/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ હતી.તથા તેમનું એજ નામનું બીજું વીજજોડાણ ગામ:હડદડ નું સર્વે નં.:૧૧૨/૬ રજીસ્ટ્રેશન ચાર્જ રૂ ૨૦૦ પહોંચ નં. ૭૧૦૮૦ થી તારીખ ૦૫/૦૮/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ હતી.

૨.૨ સામાન્ય અગ્રતાક્રમ મુજબ અરજદારનો વારો આવતા સ્થળ મોજણી કરી અરજદારને અંદાજપત્ર જાવક નં. ૨૮૧૧ થી તારીખ ૧-૬-૨૦૧૮તથા જાવક નં. ૨૮૧૨ થી તારીખ ૧-૬-૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ . જે અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ 30-0૬-૨૦૧૮ હતી. અંદાજપત્ર ની રજી.એડી ની સ્લીપ આ સાથે સામેલ છે.જેમાં અંદાજપત્ર સ્વીકારનાર ની સહી છે.

૨.3 અરજદાર દ્વારા સદર અંદાજપત્ર ની રકમ સમય મર્યાદા મા ભરપાઈ કરેલ નથી અને અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા વધારવા માટે પણ કોઈ અરજી કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર લાલજીભાઈ લખમણભાઈએ ગામ હડદ્દના ખેતીવાડી સર્વે નં. ૧૧૨/૮ તેમજ ખેતી. સ.નં. ૧૧૨/૬માં તા. ૦૫.૦૮.૧૬ ના રોજ ૨ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

3.૨ પ્રતિવાદીએ તા. ૦૧.૦૬.૧૮ના રોજ જાવક નં. ૨૮૧૧ થી એક અંદાજપત્ર તેમજ જાવક નં. ૨૮૧૨ થી બીજું અંદાજપત્ર બન્ને ખેતી વીજ જોડાણ માટે આપેલ, જેની ભરપાઈ કરવાની છેલ્લી તરિખ 30.0૬.૧૮ હતી.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

3.3 પ્રતિવાદીએ વાદીને બંને અંદાજપત્ર રજી. પોસ્ટ એ.ડી. દ્વારા આપેલ જે વાદીને મળ્યાની પહોંચ સાથે પ્રતિવાદીએ રજી. એ.ડી. ની એકનોલેજમેન્ટ રજુ કરેલ છે., આમ, વાદીને તેઓએ માંગેલ બંને ખેતીવાડી વીજ જોડાણ માટેના અંદાજપત્ર મળી ગયેલ.

3.૪ અંદાજપત્ર ભરવાની છેલ્લી તા. 30.0૬.૧૮ સુધી વાદીએ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીની કચેરીમાં કોઈ અરજી કરેલ નહિ અને વાદીએ તા. ૧૭.૧૦.૧૮ના રોજ ફોરમને અંદાજપત્ર મળવા અંગેની રજૂઆત કરેલ છે. જે ગ્રાહ્ય રાખી શકાય નહિ.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ **નં.3.૪ મુજબ વાદીની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.”**

સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે)<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>**અધ્યક્ષશ્રી,**<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–૨૦/૧૧/૨૦૧૮.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.